ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૦ ટકા

# આવતીકાલે પર્વોનો ત્રિવેણી સંગમ

## શહેરમાં ચૈત્રી નવરાત્રી, ચેટી ચાંદ અને ગુડી પડવાની એક સાથે ઉજવણી : એક સાથે ત્રણ તહેવાર હોવાથી શહેર ભકિતમય બનશે

ગાંધીનગર, તા.૩૧

આવતીકાલે શનિવારે એક સાથે હિન્દુ ધર્મના ત્રણ ત્રણ તહેવાર હોવાથી શહેરના મંદિરોમાં ભકતોની ભીડ જામશે. આવતીકાલે સિંધી સમાજનો ચેટી ચાંદ, હિન્દુ સમાજની ચૈત્ર નવરાત્રી અને મહારાષ્ટ્રીયન સમાજના નવા વર્ષ ગુડી પડવનો સંગમ જોવા મળશે.

આવતીકાલે ચેટી ચાંદનો તહેવાર હોવાથી સિંધી સમાજના જુદા જુદા સંગઠન દ્વારા વિવિધ ઝુલેલાલ મંદિરોમાં ચેટી ચાંદની ઉજવણી સાથે સાથે અનેક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ચેટી ચાંદની ઉજવણી માટે વિવિધ સંગઠનો ભજન, પૂજા અને શોભાયાત્રા જેવા કાર્યક્રમ કરશે.





આ ઉપરાંત મહારાષ્ટ્રીયન સમાજનો ગુડી પડવો પણ આવતીકાલે જ છે. મહારાષ્ટ્રીયન સમાજમાં ગુડી પડવાનું અનેરું મહત્વ છે. તેમના માટે નવું વર્ષ હોવાથી મહારાષ્ટ્રીયન પરિવારો એક સાથે રહેતા હોય તેવા વિસ્તારમાં તો દિવાળી જેવો માહોલ જોવા મળશે. ગુડી પડવાના દિવસે મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા પરંપરાગત પૂજા કરવામાં આવશે.

જયારે આવતીકાલથી ચૈત્રી નવરાત્રીનો પણ પ્રારંભ થઈ રહ્યો છે તેથી તમામ માતાજીના મંદિરોમાં આવતીકાલથી ભકતોની ભીડ જોવા મળશે. ચૈત્રી નવરાત્રીમાં અનેક મંદિરોમાં ભકતોની ભીડ વધતી હોવાથી દર્શન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે આવતીકાલે એક સાથે ત્રણ તહેવાર હોવાતી શહેર ભકિતમય બની જશે.

પંચાગોમાં ચૈત્રી સંવત્સરના પ્રથમ દિવસના શાસ્ત્રાર્થમાં કડવા લીમડાનો રસ પીવાનો આદેશ આપવામાં આવે છે. ધુળેટીના દિવસે આમ્રકુસુમ પ્રાશનનું મહત્વ છે. ચૈત્ર સુદ એકમે નીમકુસુમ પ્રાશનનું મહત્વ છે.

મહારાષ્ટ્રના મંદિરોમાં આખા ચૈત્ર માસ દરમિયાન પ્રસાદીની સાકર સાથે કડવા લીમડાનાં કૂણાં પાંદડાં આપવામાં આવે છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં ચૈત્રમાસની સવારે ગોળની ગાંગડી સાથે લીમડાનું પાણી કે કૂણાંપાન કે લીમડાનો મ્હોર પ્રસાદી તરીકે લેવાય છે.

## ચોથા વર્ગ કર્મચારી મહામંડળના રાજયકક્ષાના હોદ્દેદારો







ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્ચમારી મહામંડળ ગાંધીનગરની તા. ૧૨મી માર્ચના રોજ વડોદરા મુકામે ગુજરાત રાજયની સામાન્ય સભા રાખવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ રાજય કક્ષાના પ્રમુખ તરીકે અનિલભાઈ પ્રેમજીભાઈ બાબરિયાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. આ સાથે મહામંત્રી તરીકે વડોદરાના કનુભાઈ પી. સોલંકી તેમજ કાર્યવાહક મહામંત્રી તરીકે ગાંધીનગરના દિપેશભાઈ સોલંકીની સર્વાનુમતે વરણી તથા બિનહરીફ તરીકે ચુંટાયેલ જાહેર કરી સર્વે જિલ્લાના પ્રમુખ તેમજ મંત્રીઓએ વધાવી લીધા હતા અને સરકારી કર્મચારીઓના પ્રશ્નોનો ઝડપી નિકાલ કરી ખૂબ આગળ વધો એવી શુભકામનાઓ પાઠવી હતી.

## સ્વામિનારાયણ પોલિટેકનિકમાં પ્રોજેક્ટ ફેર અને 'Science within 100' નું આયોજન





ગાંધીનગર, તા.૩૧

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે પ્રોજેક્ટ ફેર તેમજ વેસ્ટમાંથી 'Science within 100'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત સંસ્થાના ડાયરેક્ટર શ્રી દ્વારા કરવામાં આવી હતી. જેમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા વિવિધ પ્રોજેક્ટ જેવા કે સાયકલ થી ચાલતો દવા છાંટવાનો પંપ, જોગિંગ બાઈસીકલ, ઈ વેજીટેબલ કાર્ટ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવા વિવિધ પ્રોજેક્ટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન સાબિત કરતા વિવિધ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા હતા. તથા પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ 'Science within 100' થીમ ઉપર સો રુપિયાથી ઓછો ખર્ચ કરીને રોજિંદા જીવનમાં વિજ્ઞાન સાબિત કરતા વિવિધ મોડલ તૈયાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના ૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## સે-૧૬ અંધશાળાના બાળકોના વિકાસ અર્થે સી.આર.પી.એફ. ટીમ દ્વારા ૫૧,૦૦૦ની સહાય

ગાંધીનગર, તા.૩૧

અંધશાળા, સેકટર-૧૬ ખાતે ૧૩૫ બટાલીયન સીઆરપીએફ, ગાંધીનગર દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો દ્વારા સુંદર દેશકિત ગીતો અને ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સીઆરપીએફના આઈ.જી. રણદીપ દંતા, તેમના ધર્મપત્ની રીતુ દંતા તેમજ ૧૩૫ બટાલીયનના હેડ મમતાબેન, ડીઆઈજીપી જે.એન. કોહલી તેમજ તેમના ધર્મપત્ની પ્રેમલતાબેન કોહલી, ડીઆઈજી.પી. રામસીંગ, સીઆરપીએફનો તમામ સ્ટાફ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યો હતો. તેઓ દ્વારા સંસ્થાના બાળકોના વિકાસ અર્થે રૂપિયા ૫૧,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

## ૪ એપ્રિલે ઉમિયામાતાના મંદિરે આનંદના ગરબાનું આયોજન

ઉમિયા માતાના મંદિર, સે-૧૨ ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. માઈમંડળના ભાવનાબેન વી. ગોકલાણીના સુરમધુર કંઠે આનંદનો ગરબો મધુબેન માણેકલાલ પટેલ દ્વારા ઉમિયામાતાના મંદિરમાં આનંદનો ગરબો યોજાશે. ૪ એપ્રિલે બપોરે ૩થી ૬ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે. સર્વે ભાવિ ભકતોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સંસ્કાર ગ્રુપના પ્રમુખની વિવિધ સેવાકાર્યો થકી જન્મ દિવસની ઉજવણીનું આયોજન

સંસ્કાર ગ્રુપ દ્વારા ૧ એપ્રિલે સંસ્થાના પ્રમુખ તુષાર જગદીશચંદ્ર દવેનો જન્મદિવસ વિવિધ એપ્રિલ ફુલ બનાવવાને બદલે સેવાકાર્યો થકી ઉજવવામાં આવશે. જેમાં માતૃચરણ પૂજન, ઉનાળાના તડકામાં ગાયોને ઘાસ નીરવવાનું, પક્ષીઓને ચણ નાંખવાનું, પક્ષીઓની તરસ છીપાવવા ઘરે માટીના કૂંડા મુકવા, તડકાથી બચવા બાળકોને ટોપીનું વિતરણ કરી પર્યાવરણને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

## ગ્રાહકોને રૂ.૫ આપીને 'આપ' પેટ્રોલના ભાવવધારાનો વિરોધ કરશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સહિત ગુજરાતના રાજકારણમાં સક્રિય બનેલી આમ આદમી પાર્ટી પ્રજાલક્ષી પ્રશ્નોને અલગ રીતે ઉઠાવવા માટે જાણીતી છે. અત્યારે છેલ્લાં કેટલાંક દિવસથી સામાન્ય વર્ગ માટે ચિંતાજનક બનેલા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાને અનુલક્ષીને ગાંધીનગરમાં આમ આદમીની પાર્ટી યુથ વિંગ દ્વારા આવતીકાલે તારીખ ૧લી એપ્રિલના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ઘ-૨ના પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલના વધતા ભાવના વિરોધમાં લિટર દીઠ પાંચ રૂપિયા પ્રજાને આપીને મોંઘવારી અને પેટ્રોલના ભાવ વધારાનો વિરોધ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે પાર્ટીના દરેક કાર્યકર્તાઓને પોતાની યથાશક્તિ પ્રમાણે પાંચ રૂપિયાના સિક્કા લઈને આવવા આમ આદમી પાર્ટી યુથ વિગના પ્રદેશ સંગઠન મંત્રી વિરેન્દ્રસિંહ ગોહિલ તાકીદ કરવામાં આવી છે.

## ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા ટેક્વોન્ડોનાં દરેક કલર બેલ્ટની પરીક્ષા લેવાઈ



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા સેક્ટર-૩ ખાતે ટેક્વોન્ડોનાં દરેક કલર બેલ્ટનાં વિદ્યાર્થીઓની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાનાં માસ્ટર અને ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે દ્વારા દરેક કલર બેલ્ટની પરીક્ષા લેવામાં આવી હતી અને ૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ કલર બેલ્ટની પરીક્ષા આપી હતી તથા સંસ્થાનાં સેક્રેટરી અને ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગરએ દરેક કલર બેલ્ટનાં પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારત દેશમાં તમામ સમાજનાં ભારતવાસીઓ માર્શલઆર્ટ કળાનો ખૂબજ વિકાસ કરે તેમ મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## સે-૨૧ ડિસ્ટ્રિકટ શોપિંગ માર્કેટ સુધી જતી સિટી બસ સેવા બંધ હોવાની રાવ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં છેલ્લા કેટલાંક સમયથી સિટી બસ સેવા અંગે નાની-મોટી ફરિયાદો ઉઠતી રહે છે. તાજેતરમાં એક જ રૂટની બસમાં જતાં અને આવતાંનું ભાડું અલગ અલગ વસુલાતું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું તેમજ શહેરમાં કેટલાંક રૂટની બસો બંધ કરી દેવાઈ હોવાની રાવ પણ ઉઠવા પામી રહી છે. છેલ્લાં કેટલાક સમયથી શહેરના સેકટર-૨૧માં મુખ્ય ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર સુધી જતી સિટી બસ પણ બંધ થઈ ગઈ હોવાની ફરિયાદ કેટલાંક નાગરિકો દ્વારા ઉઠાવવામાં આવી છે.

શહેરના પથિકાશ્રમ સર્કલ નજીકના સિટી બસ ડેપોથી સેકટર-૨૧ના ડિસ્ટ્રીકટ શોપિંગ માર્કેટ સુધી જતી સિટી બસ સેવા બંધ કરી દેવાઈ હોવાની ફરિયાદ કેટલાક વરિષ્ઠ નાગરિકો દ્વારા વ્યકત કરવામાં આવી છે. શહેરના સૌથી મોટા અને મુખ્ય શોપિંગ માર્કેટ ગણાતા સેકટર-૨૧ના ડિસ્ટ્રિકટ શોપિંગ સેન્ટર ખાતે શહેરના લગભગ દરેક વિસ્તારમાંથી નાગરિકો ખરીદી કરવા જાય છે. આ શોપિંગ માર્કેટની પાસે જ સૌથી મોટું શાકમાર્કેટ આવેલું છે અને સિનેમા હોલ સહિત અનેક મહત્વના સ્થળો પણ આવેલાં છે. આ કારણે શહેરની ગૃહિણીઓ અને બાળકોથી માંડીને નાગરિકોની મોટી સંખ્યામાં મુલાકાત સે-૨૧ના ડિસ્ટ્રિકટ શોપિંગ માર્કેટમાં રહેતી હોય છે. આ સ્થિતિમાં સે-૨૧ના ડિસ્ટ્રિકટ શોપિંગ માર્કેટ સુધી જતી સિટીબસની સેવા બંધ થઈ જવાથી નાગરિકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

## પંચેશ્વર મંદિરમાં ચૈત્રી નવરાત્રીમાં રામચરિત માનસ નવ્હાન પારાયણનું આયોજન




ગાંધીનગર, તા.૩૧

સમગ્ર ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત આગામી ચૈત્રી નવરાત્રીમાં રાયસણ ખાતે આવેલ સુવિખ્યાત પંચેશ્વર મંદિરમાં ભક્તો દ્વારા સામુહિક રીતે તુલસીકૃત શ્રી રામચરિત માનસનું સમૂહ ગાન દ્વારા નવ્હાન પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

પંચેશ્વર મંદિર, રાયસણ ખાતે આગામી ૨ એપ્રિલે ચૈત્રી નવરાત્રીના પહેલા નોરતાના દિવસે ઘટસ્થાપન અને અખંડ દીવો પ્રગટાવી નવરાત્રી મહોત્સવનો શુભારંભ થશે.

મોટી સંખ્યામાં ભાઈ બહેન ભક્તો નવરાત્રીના નવે નવ દિવસ દરમિયાન દરરોજ બપોરના ૩ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી તુલસીકૃત રામચરિત માનસની ચોપાઈઓનું સમૂહમાં ગાન કરશે અને અંતમાં રામાયણજીની આરતી કરશે. મંદિરના પૂજારીજી અશોકભાઈની નિશ્રામાં યોજાનાર આ નવ્હાન પારાયણનું સમાપન ૧૦ એપ્રિલે રામનવમીના દિવસે થશે.

## સેવા કાર્યો અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ સાથે ઉજવાયો રાજસ્થાન દિવસ

### સે-૨૪ના રંગમંચ ખાતે ઉજવણીમાં ૪ હજારથી વધુ રાજસ્થાની નાગરિકો ઉમટ્યાં : સાથે યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૧ યુનિટ્સ રક્તદાન એકત્ર થયું : નગરસેવકોનું સન્માન કરાયું







ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સેકટર-૨૪માં રંગમંચ ખાતે તા.૩૦મી માર્ચના રોજ રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા ૪ હજારથી વધુની જનમેદનીની ઉપસ્થિતિમાં પરંપરાગત રીતે સતત નવમાં વર્ષે 'રાજસ્થાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે આયોજિત કરવામાં આવેલા નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનો મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો અને તે ઉપરાંત યોજવામાં આવેલા સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પમાં સમાજના પ્રમુખ તુલસીભાઈ માલી સહિતના રક્તદાતાઓ થકી કુલ ૧૦૧ યુનિટ્સ રક્તદાન એકત્ર થવા પામ્યું હતું.


રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલીએ જણાવ્યું હતું કે 'રાજસ્થાન અમારી જન્મભૂમિ છે અને ગુજરાત અમારી કર્મભૂમિ છે, અમે અહીં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયાં છીએ. અમે પોતાના પરિવાર સહિત ધંધા-રોજગાર અર્થે રાજસ્થાનથી આવીને ગાંધીનગરમાં વર્ષોથી વસેલી કુલ ૩૬ જ્ઞાતિઓનું એક સંગઠન શ્રી રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના નેજા હેઠળ બનાવ્યું છે, આ સંગઠનનો હેતુ જન્મભૂમિ રાજસ્થાનના સંસ્કાર તથા સંસ્કૃતિ જે અમારી ઓળખ છે તેને જાળવી રાખીને કર્મભૂમિ ગુજરાતને પણ આત્મસાત કરીને સામાજિક ઐક્ય દ્વારા અમારો વિકાસ સાધવા સાથે રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રયત્નશીલ છીએ'. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના યુવા અગ્રણી, અભિનેતા અને સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર જનક ઠક્કર સહિત અતિથિ વિશેષ તરીકે મનપાના વિવિધ વોર્ડના નગરસેવકો ઉપસ્થિત રહ્યાં હતાં જે તમામનું રાજસ્થાની પરંપરા મુજબ સાફો પહેરાવી મોમેન્ટો આપીને સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જનક ઠક્કરે રાજસ્થાન સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, 'રાજસ્થાન અને ગુજરાત બંને એક માતાના બે સંતાન સમાન સગા ભાઈ છે. ગુજરાતમાં રાજસ્થાની સમાજ પોતાનો પરસેવો પાડીને મહેનત કરે છે તેનું ફળ ગુજરાતને પણ મળે છે'. કાર્યક્રમમાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમ, રક્તદાન કેમ્પ, ફ્રી મેડિકલ કેમ્પ, ગાંધીનગર શહેરના કોર્પોરેટરોનું સન્માન, સમાજના ભામાશાહ દાતાઓનું સન્માન અને રાજસ્થાન ગૌરવ સન્માન અર્પણ સમારોહ વગેરે જેવા વિવિધ કાર્યક્રમો યોજાયાં હતાં. રક્તદાન કેમ્પમાં રક્ત એકત્ર કરવાની સેવા શહેરની શ્રદ્ધાદીપ બ્લડ બેંક અને મેડિકલ ચેકઅપ કેમ્પ માટે આશ્કા હોસ્પિટલની ટીમે સેવાઓ પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના મહાસચિવ મુકેશકુમાર વ્યાસે કર્યુ હતું અને સમાજના તમામ ટ્રસ્ટીઓ તથા યુવાનોએ કાર્યક્રમની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો સહિત રાજસ્થાની પરિવારો ઉમટી પડ્યાં હતાં.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. વાઘેલા લીલાબા શિવસિંહ,** ઉ.વ. ૮૫, પેથાપુર
- **સ્વ. ડાભી જવાનજી સુરસંગજી,** ઉ.વ. ૫૨, રાયપુર
- **સ્વ. સોલંકી નારણભાઈ ગંભીરભાઈ,** ઉ.વ. ૪૯, સેકટર-૨
- **સ્વ. રાવલ કિરણબેન પ્રમોદભાઈ,** ઉ.વ. ૬૩, સેકટર-૨૧
- **સ્વ. મહેતા લીલાવતીબેન કનૈયાલાલ,** ઉ.વ. ૭૬, સેકટર-૩૦

## જન્મદિને વધામણી



**મયંક દવે**
અધ્યક્ષ, સુરમધુર
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૨૨૭૨૬



**ડો. શંકરસિંહ રાણા**
ચેરમેન, મધુર ડેરી, ગાંધીનગર



**મુળજીભાઈ પરમાર 'દધિ'**
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



**બેલાબેન સંદિપભાઈ વ્યાસ**
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯



**ધ્રુવકુમાર સીતારામભાઈ પટેલ**
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦



**ડોલ્સી દીપક પટેલ**



**તુષાર જગદીશચંદ્ર દવે**
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨



**કુણાલ**



**માહી ઠાકોર**